# (એનીમલ ન્યુસન્સ કંટ્રોલ ડીપાર્ટમેન્ટ)એ.એન.સી.ડી

## -: જાહેર નિવિદા :-

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા નીચે મુજબના કામો માટે રસ ધરાવતા કોન્ટ્રાક્ટરો/એજન્સી/પેઢી માટે જરૂરી ડોક્યુમેન્ટ ઓનલાઇન વેબસાઇટ http://bmc.nprocure.com પર ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ દરેક કામની વિગતવાર માહિતી તથા ટેન્ડર શરતો ભાવનગર મહાનગરપાલિકાની www.bmcgujarat.com પર જોઈ શકાશે.

| ક્રમ | કામનું નામ | કામની અંદાજીત કિંમત | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. રકમ | ટેન્ડર ભરવાનું શરૂ થવાની તારીખ | ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | ટેકનીકલ બીડ સબમીટ કરવાની છેલ્લી તારીખ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અખિલેશ સર્કલ ઢોર ડબ્બામાં પશુઓ/ગાયો ની દેખરેખ,સાફ-સફાઇ અને સેનીટેશને લગતી કામગીરી માટેનુ ટેંન્ડર | ૪૧,૪૦,૦૦૦/- | ૧૫૦૦/- | ૪૧,૪૦૦/- | ૦૭/૧૧/૨૦૨૪ | ૧૮/૧૧/૨૦૨૪ | ૨૨/૧૧/૨૦૨૪ | ૨૨/૧૧/૨૦૨૪ |

વેટરનરી ઓફીસર

એ.એન.સી.ડી. વિભાગ

મહાનગરપાલિકા ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

એ.એન.સી.ડી. વિભાગ

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ

E-mail-vetofficerbmc@gmail.com


આઝાદી કા અમૃત મહોત્સવ

## ઇ-ટેન્ડર

## Tender Notice/BMC/ANCD/2024-25/02

ભાવનગર મહાનગરપાલિકા હસ્તકના અખિલેશ સર્કલ ખાતે આવેલ ઢોર ડબ્બામાં પશુઓ/ગાયોની દેખરેખ, સાફ-સફાઇ અને સેનીટેશનની લગત તમામ કામગીરી આઉટસોર્સીંગથી કરવા અંગેનુ ટેન્ડર.

| અ.નં. | ટેન્ડરની વિગત | અખિલેશ સર્કલ ઢોર ડબ્બા |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી | 1500/- |
| ૨ | અંદાજીત રકમ | 41,40,000/- |
| 3 | EMD ની રકમ | 41,400/- |
| ૪ | ઇ-ટેન્ડર ડાઉનલોડની કરવાની તારીખ | તા-07/11/2024 ,11:00 am |
| ૫ | ઇ-ટેન્ડર ઓનલાઇન સબમીટની છેલ્લી તારીખ | તા-18/11/ 2024 , 06:00 pm |
| ૬ | ટેન્ડર ડોકયુમેન્ટ (ટેન્ડર ફી, અર્નેસ્ટ મની તથા લાયકાતના ડોકયુમેન્ટસ) મોકલવાની વિગત | વેટરનરી ઓફિસરશ્રી, મહાનગરપાલિકા, સર મંગળસિંહજી રોડ, કાળાનાળા પાસે, ભાવનગર Dt.22/11/2024 17:30 pm સુધીમાં મળી જાય તે મુજબ રજી એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાના રહેશે. |
| ૭ | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા-22/11/2024 17:40 pm Onwards |

વેટરનરી ઓફિસર
એ.એન.સી.ડી.વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

એ.એન.સી.ડી. વિભાગ

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ

E-mail-vetofficerbmc@gmail.com


---

કામનુ નામ – ભાવનગર મહાનગરપાલિકા હસ્તકના અખિલેશ સર્કલ ખાતે આવેલ ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પશુઓ/ ગાયોની દેખરેખ, ઢોર ડબ્બાની સાફ સફાઇ અને સેનીટેશનને લગત તમામ કામગીરી આઉટસોર્સીંગ કરવા બાબતનુ ટેન્ડર.

## :: ટેન્ડરની શરતો ::

૧. આ કામન ટેન્ડરની કોપી www.bmc.nprocure.com ઉપરથી ડાઉનલોડ કરી જરૂરી વિગતો **ONLINE** ભરવાની રહેશે.

૨. સંસ્થા/NGO/મંડળી/ઇજારદાર દ્વારા ગુમાસ્તા ધારા નોંધણી અંગેનું ઇન્ટીમેશન/રજીસ્ટ્રેશન લગત જરૂરી ડોકયુમેન્ટ રજુ કરવાના રહેશે.

3. પશુપાલન, પશુ સાથે સંકળયેલ કામગીરી અથવા સાફ-સફાઇ અંગેનું ઓછામાં ઓછા ૦૧ વર્ષનો સરકારી અથવા અર્ધસરકારી સંસ્થાના અથવા મહાનગરપાલિકા/નગરપાલિકાના અનુભવ અંગેનું પ્રમાણપત્ર/વર્ક ઓર્ડરની નકલ.

૪. સંસ્થા/NGO/મંડળી/ઇજારદાર દ્વારા ચાલુ વર્ષની પ્રોફેશનલ ટેક્ષ ભર્યા બદલની રસીદ રજુ કરવાની રહેશે.

૫. સંસ્થા/NGO/મંડળી/ઇજારદાર એજન્સીએ GST રજીસ્ટ્રેશનની વિગતો રજુ કરવાની રહેશે.

૬. સંસ્થા/NGO/મંડળી/ઇજારદાર એજન્સીએ ESIC રજીસ્ટ્રેશનની વિગતો રજુ કરવાની રહેશે.

૭. સંસ્થા/NGO/મંડળી/ઇજારદાર એજન્સીએ સરકારી, અર્ધ સરકારી કે મહાનગરપાલિકા દ્વારા બ્લેકલીસ્ટ થયેલ નથી તે અંગે રૂ.300/-ના સ્ટેમ્પ ઉપર નોન-બ્લેકલીસ્ટ સોગંદનામુ રજુ કરવાનુ રહેશે.

૮. જાહેરાતમાં દર્શાવ્યા અનુસાર ઢોર ડબ્બા માટે નિયત કર્યા મુજબ ૧% પ્રમાણે અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD) તથા ટેન્ડર ફી ની રકમ ડીમાન્ડ ડ્રાફટ સ્વરૂપે રજુ કરવાની રહેશે.

૯. ઢોર ડબ્બા માટે ઓનલાઇન ભાવ પત્રક ભરનાર સંસ્થાએ તેઓના ભાવપત્રક સાથે સીલબંધ કવરમાં ૧% ની અર્નેસ્ટમની ડીપોઝીટ તથા ટેન્ડર ફી ની રકમ માટે નેશનલાઇઝડ બેન્કનો ડીમન્ડ ડ્રાફ્ટ <u>"મ્યુનિસિપલ કમિશનર, ભાવનગર મહાનગરપાલિકા"[Municipal Commissioner, Bhavnagar Municipal Corporation]</u> ના નામે રજુ કરવાનો રહેશે અન્યથા તે સિવાયના ભાવપત્રકો ગેરલાયક ગણાશે.

૧૦. ટેન્ડરમાં દર્શાવ્યા પ્રમાણે ફાયનાન્સીયલ બીડ [ભાવપત્રકની વિગત] ફક્ત ઓનલાઇન મારફતે ભરવાના રહેશે. <u>ફાયનાન્સીયલ બીડની નકલ હાર્ડ કોપીમાં મોકલવાની રહેશે નહીં.</u>

૧૧. ઇ- ટેન્ડર મારફતે સબમીટ કરેલ ટેન્ડરની ટેકનીકલ બીડની કોપી, EMD તથા ટેન્ડર ફી કવરમાં રાખી સીલબંધ મુખ્ય કવરમાં, કવર ઉપર <u>"ભાવનગર મહાનગપાલિકા હસ્તકના ઢોર ડબ્બામાં પુરવામાં આવેલ પશુઓ/ગાયોની દેખરેખ, ઢોર ડબ્બાની સાફ-સફાઇ, સેનીટેશન લગત તમામ કામગીરી આઉટસોર્સિંગ કરવા બાબતનું ભાવપત્રક"</u> તે મુજબ દર્શાવી, ટેકનીકલ ડોકયુમેન્ટસ, <u>ફક્ત રજી.એ.ડી.પોસ્ટ/સ્પીડ પોસ્ટ</u> થી વેટરનરી ઓફિસર,એ.એન.સી.ડી.વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા, <u>ને તા.૨૨/૧૧/૨૦૨૪ ૧૭:30 કલાક સુધીમાં</u> મળી રહે તે રીતે મોકલી આપવાના રહેશે. સાદી પોસ્ટ કે કુરીયરથી મોકલવામાં આવેલ અને મુદત પુરી થયા બાદ મળેલ ભાવપત્રકો કોઇ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.

# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

એ.એન.સી.ડી. વિભાગ

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ

E-mail-vetofficerbmc@gmail.com


૧૨. ભાગીદારીમાં ભરવામાં આવેલ ટેન્ડર માન્ય રહેશે નહિ.

૧૩. સગીરવયની વ્યકિતનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ. શંકાસ્પદ કિસ્સામાં વ્યકિતનું ઉંમરનું પ્રમાણપત્ર માંગવામાં આવશે, જે રજુ કરવાનું રહેશે.

૧૪. ભાવપત્રક મંજુર થયા બાદ જે તે સંસ્થાને તેની જાણ કર્યેથી દિન-૧૦ માં તે સંસ્થાએ નિયમાનુસાર ટેન્ડરની રકમના ૫% મુજબ સિકયોરીટી ડિપોઝીટ (SD) નેશનલાઇઝડ બેન્કનો ડીમાન્ડ ડ્રાફટ/ ચેક/ કેસથી અદા કરવાની રહેશે. ઉપરાંત રૂ.300/- ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવાનો રહેશે. જો તેમ કરવામાં નહિ આવે તો ભાવપત્રક રદ કરી, જમા કરાવવામાં આવેલ ૧ % અર્નેસ્ટમની ડીપોઝીટ (EMD) ની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૫. ભાવપત્રક સાથે ટેન્ડરરે દર્શાવેલ તેઓની કોઇપણ શરત સ્વીકારવામાં/ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૧૬. એજન્સીએ તેઓના ટેન્ડર ડોકયુમેન્ટસ સાથે ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રીએ સર્ટીફાય કરેલ છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્નઓવરના સર્ટીફિકેટો રજુ કરવાના રહેશે.

૧૭. જે-તે એજન્સીને જે તે ઢોર ડબ્બા માટે જે કામગીરી સોપવામાં આવે તે માટે કામગીરીની યાદી અંગે અલગથી જાણ કરવામાં આવશે.

૧૮. ઢોર ડબ્બાની સાફ-સફાઇ, સેનીટેશનને લગત તમામ સાધન-સામગ્રી અથવા ભાવનગર મહાનગરપાલિકા અધિકૃત કરેલ અધિકારી દ્વારા સુચવવામાં આવે તે મુજબની સાધનસામગ્રી જે તે સંસ્થા(NGO) એ તેઓના સ્વ-ખર્ચે પુરી લાવવાની રહેશે.

૧૯. ઢોર ડબ્બા ખાતે કામગીરી ઉપરના સ્ટાફની ઓળખ માટે દરેકને ડ્રેસ સાથે તેઓના ફોટાવાળુ સંસ્થાનું ઓળખપત્ર (ફરજીયાત), કચેરી કામકાજ માટે કોમ્પ્યુટર્સ સાથે જરૂરી સ્ટેશનરી-ફોર્મ વિગેરે.. જે તે સંસ્થાએ તેઓના સ્વ-ખર્ચે આપવાના રહેશે અને જે તે સંસ્થાના સ્ટાફની સલામતીની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૨૦. ઢોર ડબ્બા ઉપર સફાઇ વગેરે કામગીરી માટે ખાતાના વડા દ્વારા લેખીતમાં સમય ફાળવવામાં આવશે.

૨૧. ઢોર ડબ્બાની કામગીરી માટે સ્ટાફની રોજીંદી હાજરી, ચકાસણી, દેખરેખ તેમજ કોઇ પણ ગેરહાજરી અંગેની વૈકલ્પિક વ્યવસ્થા.... વગેરે બાબતે જે તે સંસ્થાના અધિકૃત પ્રતિનિધિએ સમયસર વ્યવસ્થા કરવાની રહેશે તેમજ ઢોર ડબ્બાશાખાના જવાબદાર સક્ષમ અધિકારીશ્રી સાથે સંકલનમાં રહીને દૈનિક કામગીરી માટે અગ્રિમતા નકકી કરી એનીમલ કીપર કમ સફાઇ સેવકને લગતી સઘળી વ્યવસ્થા અને રિપોર્ટીંગની કામગીરી કરવાની રહેશે.

૨૨. જે તે ઢોર ડબ્બાની કામગીરી સંભાળનાર સંસ્થાએ નિયત કરેલ સમયે જે તે ઢોર ડબ્બા પર દૈનિક ધોરણે હાજરી તથા કામગીરીની વહેચણી કરી તે અંગેનો રેકોર્ડ રાખવાનો રહેશે.

૨૩. એજન્સી દ્વારા જે તે માસનું બીલ (૨ નકલોમાં એડવાન્સ રીસીપ્ટ સાથે) એક થી દસ તારીખ સુધીમાં તેઓએ તેઓના માનવબળ હેઠળના કર્મચારીઓને (PF and esi કપાત કર્યા બાદ, E.P.F. Challan & separate signed Electronic challan cum Return file( ECR File) , Original Bank Statement) પગારનું ચુકવણુ કર્યા બાદ જ એ.એન.સી.ડી.વિભાગની કચેરીએ બીલ રજુ કરવાનું રહેશે. જેમાં અનિયમિતતા થવાના પ્રસંગે ઉપસ્થિત થનાર કોઇપણ પરિસ્થિતિની જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૨૪. જરૂરિયાત મુજબના માનવબળની ફાળવણી અને તેઓની કામગીરીમાં બેદરકારી, નિષ્કાળજી કે વિલંબના પ્રસંગોએ સંસ્થાના બીલની રકમમાંથી નિયમાનુસાર કપાત કરી લેવામાં આવશે. કોઇપણ સ્ટાફની ગેરહાજરીના પ્રસંગે અન્ય સ્ટાફની ફાળવણી કરવાની રહેશે. અન્યથા સદર સ્ટાફના સંદર્ભમાં બિલમાંથી નિયમાનુસાર કપાત કરવામાં આવશે.

૨૫. મૌખિક સુચના આપ્યા બાદ પણ કામગીરીમાં કોઇ સુધારો નહિ જણાય તો નોટીસ આપવામાં આવશે અને ખાતાધિકારીશ્રી દ્વારા સંસ્થાને તાત્કાલિક અસરથી કોઇ પણ કારણ દર્શાવ્યા સિવાય કોન્ટ્રાકટ રદ કરી, ભરેલ ડીપોઝીટસ જપ્ત કરી બ્લેકલીસ્ટ કરવા ભાવનગર મહાનગરપાલિકાની કોઇપણ કામગીરી માટે ગેરલાયક ઠેરવવા અંગે આગળની નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

૨૬. જે તે ઢોર ડબ્બાની કામગીરી માટે જે તે ટેન્ડરના નામે ભાવનગર મહાનગરપાલિકા પ્રર્વતમાન નિયમો મુજબ ECS થી તમામ બીલની ચુકવણી કરવામાં આવશે. આથી બીલ અનુસાર જે તે કર્મચારીને તેઓના નામજોગ પગાર ચુકવણી થયા સબબની ખાત્રી અર્થે સબંધિત કચેરીના વડાશ્રીની કચેરીએ નિયમીત રીતે બેન્ક સ્ટેટમેન્ટ રજુ કરવાનું રહેશે. આંકસ્મિક પ્રસંગે નવિન કર્મચારી માટે હાજર થયેલ માસનું કેસ વાઉચર રજુ કરવુ પરંતુ ત્યાર બાદ ફરજિયાત બેન્ક સ્ટેટમેન્ટ,PF તથા ESICનિયમાનુસાર કાર્યવાહી કરી માહિતી રજુ કરવી. જે તે ઢોર ડબ્બા ઉપર ફરજ ઉપરના કર્મચારીને તેમની હાજરી અને કામગીરી અનુસાર નિયમીત, સમયસર વેતન ચુકવાની સંપુર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

૨૭. ભાવનગર મહાનગરપાલિકા અને જે તે એજન્સીના કર્મચારી, નોકરી અને તેને આનુસાંગિક કોઇપણ બાબત જેવી કે, માલિક અને નોકરના સબંધ અથવા તો અન્ય કોઇપણ પ્રકારની કાયદાકીય જવાબદારી ભાવનગર મહાનગરપાલિકાની રહેશે નહિ અને જે તે એજન્સીએ કામગીરી માટે મુકેલ સ્ટાફની નિમણુક, રૂખસદ અથવા તેઓની નોકરી અંગેની શરતો તથા જવાબદારી સંપૂર્ણપણે જે તે એજન્સીની જ રહેશે. આ બાબતે ભાવનગર મહાનગરપાલિકાની કોઇ જ જવાબદારી રહેશે નહિ.

૨૮. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા એજન્સીના કોઇપણ સ્ટાફને ઓળખપત્ર આપવામાં આવશે નહી.

૨૯. ભાવનગર મહાનગરપાલિકાના કોઇપણ કર્મચારી કે અધિકારી એજન્સીના કર્મચારીના હાજરી પત્રક ઉપર સહી કરશે નહિ. આ જવાબદારી જે તે એજન્સીની રહેશે.

૩૦. ભાવનગર મહાનગરપાલિકા એજન્સીના કોઇપણ કર્મચારીને ભાવનગર મહાનગરપાલિકાના કર્મચારી તરીકે માન્યતા અપાશે નહિ તેથી તેની સઘળી જવાબદારી જે તે એજન્સીની રહેશે.

# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

એ.એન.સી.ડી. વિભાગ
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ
E-mail-vetofficerbmc@gmail.com

૩૧. એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર સ્ટાફને ભાવનગર મહાનગરપાલિકાના અધિકારીશ્રી/જવાબદાર કર્મચારીની સુચના અને સુચવ્યા મુજબ કામગીરી કરવાની રહેશે, તેમજ દરેક સાથે સહકાર અને સુમેળભર્યુ વર્તન રાખવાનુ રહેશે.

૩૨. ઢોર ડબ્બાની કામગીરી માટે જે તે એજન્સીએ મુકેલ સ્ટાફ દ્વારા તેમની અણઆવડત,બેદરકારી, હેતુપુર્વક કરેલ કોઇપણ પ્રકારનુ નુકશાન તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાવનગર મહાનગરપાલિકાની સ્થાવર-જંગમ મિલ્કત, સાધન સામગ્રીને થયેલ નુકસાન બાબતે જે તે એજન્સીની અંગત જવાબદારી રહેશે તથા નુકશાનીની એજન્સીએ ભરપાઇ કરવાની રહેશે અન્યથા ભાવનગર મહાનગરપાલિકા જે તે એજન્સીના બીલમાંથી વસુલ કરશે.

૩૩. એજન્સી દ્વારા ફરજ પર મુકવામાં આવે તે સ્ટાફના બાયોડેટા, હિસ્ટ્રી શીટ, વ્યકિતગત પોલીસ તપાસ અહેવાલ તેમજ અન્ય બાબતો જે તે એજન્સીએ સંપૂર્ણપણે ખરાઇ કરી લેવાની રહેશે.

૩૪. ઢોર ડબ્બા ખાતે ફરજ દરમ્યાન કોઇપણ સ્ટાફ પાન-મસાલા-બીડી-તમાકુ-દારૂ કે અન્ય કેફી પીણાનુ સેવન કરી શકશે નહિ. આ પ્રકારનું કોઇપણ વ્યસન કરે, અનિયમિત, ગેરશિસ્ત ધરાવનાર, અવ્યવહારૂ, બેદરકાર, બદઇરાદો ધરાવનાર સ્ટાફને તાત્કાલિક અસરથી છુટા કરવામાં આવશે અને જે તે ટેન્ડરરે તાત્કાલિક અન્ય સ્ટાફને કામગીરી સોપવાની રહેશે.

૩૫. આ કરાર બિન તબદીલપાત્ર છે અને સક્ષમ સતાધિકારીશ્રીની પૂર્વ મંજુરી સિવાય જે તે એજન્સી કોઇ અન્ય સંસ્થાને માનવબળ પુરા પાડવાનુ કામ તબદીલ કરી શકશે નહિ અથવા કરારની કોઇપણ એક કે અન્ય કોઇ બાબત અન્ય કોઇપણ એજન્સીને તબદીલ કરી શકશે નહિ.

૩૬. આ કરારનામુ કરાર થયાની તારીખથી બીજો હુકમ ન થાય ત્યા સુધી અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સંમતિથી જરૂરિયાત અનુસાર, તમામ યોગ્યતાને ધ્યાને લઇ ભાવનગર મહાનગરપાલિકા ઇચ્છસે તો તે મુજબ કરારની મુદત લંબાવવા વિચારી શકાશે.

૩૭. આ કરારમાં કોઇપણ જોગવાઇ હોય તેમ છતાં કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય માન.કમિશનરશ્રી, ભાવનગર મહાનગરપાલિકા અથવા તેઓશ્રી અધિકૃત કરે તે અધિકારીશ્રી જે તે એજન્સીને એક માસની નોટીસ આપીને આ કરારનો અંત લાવી શકશે.

૩૮. ઢોર ડબ્બાની કામગીરી સંભાળનાર એજન્સીએ લેબર એકટ તેમજ લાગુ પડતા અન્ય તમામ કાયદાઓનુ તમામ પ્રકારે નિયમિત પાલન કરવાનું રહેશે.

૩૯. ભાવપત્રકમાં કોઇ ગેરચાલ, ચુક, ગફલત અગર અન્ય કાંઇ ગેરવહીવટીય કૃત્ય થયાનુ જણાય આવ્યેથી ભાવપત્રક રદ થવાને પાત્ર થશે અને તે માટે ઇજારદારનો હકક કે દાવો ચાલી શકશે નહિ.

૪૦. આ કામે આવેલ ભાવપત્રો પૈકી માનવબળની કેટેગરી અને સંખ્યા નકકી કરવાનો, એક કે તેથી વધુ ભાવપત્રક મંજુર કરવાનો કે રદ્દ કરવાનો અબાદિત અધિકાર ભાવનગર મહાનગરપાલિકાનો રહેશે, અને તમામને તે બંધનકર્તા રહેશે.

ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર
એ.એન.સી.ડી. વિભાગ
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ
E-mail-vetofficerbmc@gmail.com

आजादी का अमृत महोत्सव

૪૧. એજન્સી દ્વારા ટેન્ડરની શરતો મુજબ સંતોષકારક કામગીરી કરવામાં નહિ આવે તો, ભાવનગર મહાનગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર દંડ વસુલ કરવામાં આવશે. આ કામ માટે રાજકીય દબાણ લાવનાર એજન્સીને ગેરલાયક ઠરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૪૨. જે બાબતનો નિકાલ ટેન્ડરની શરતો ઉપરથી થઇ શકશે નહિ એવી કોઇ બાબતે તકરાર ઉપસ્થિત થવાના પ્રસંગે ભાવનગર મહાનગરપાલિકાના નિયમોને અનુસરીને માન. કમિશનરશ્રી તેનો નિકાલ કરશે અને જે તે એજન્સીને બંધનકર્તા રહેશે. આ અંગે કોઇ તકરાર કે વાદવિવાદ ચલાવી લેવામાં આવશે નહિ. આમ છતાં, વિવાદનો અંત ન આવે તો વિવાદ અંગે ભાવનગર શહેર કોર્ટની હકુમત રહેશે.

૪૩. ઢોરવાડા/પશુઓના લાયસન્સ/ડોર ટુ ડોર ટેગીંગની કામગીરી સંદર્ભે Animal Tagging With RFID Micro Chips ની કામગીરી/ આનુષાંગિક આકસ્મિક કામગીરી અર્થે સમયાંતરે સુચવ્યા અનુસાર જરૂરી માનવબળ ફાળવવા જરૂરી સહકાર પ્રદાન કરવાનો રહેશે.

૪૪. ભાવનગર મહાનગરપાલિકા/સરકારશ્રી તરફથી વખતો વખત નિયત કરવામાં આવે તે રજીસ્ટ્રેશન કરાવી રજુ કરવા ઇજારદારને બંધનકર્તા રહેશે.

૪૫. એજન્સી દ્વારા તમામ કર્મચારીઓની મીનીમમ વેજીસ ઉપર મળવાપાત્ર EPF ,ESI પ્રો.-ટેક્ષ ફરજીયાત જમા કર્યા બાદ તેઓના ઇ-ચલણ, પીએફ તથા ESIC માટે કરવામાં આવેલ પેમેન્ટની રસીદો જમા કરાવવાની રહેશે.

૪૬. ઉપરોકત શરતોના ભંગ કર્યેથી લઘુતમ પેનલ્ટી રૂ.૨૦૦૦/- ઉપરાંત કામગીરીમાં સુધારો ન કરવો, વારંવાર શરતોનો ભંગ કરવા બદલ કમિશનરશ્રી દ્વારા ટેન્ડર રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૪૭. ઢોર ડબ્બાઓનો વિસ્તાર, પશુઓ પુરવાની મહત્તમ સંખ્યા, Round the Clock સફાઇની કામગીરી, પશુઓને ખાદ્ય સુકુ/લીલુ ઘાસ નિરવાની કામગીરી, પશુઓને પીવાના પાણીની વ્યવસ્થા કરવા..... વિગેરે બાબતોને ધ્યાને લઇ ભાવો ભરવાના રહેશે.

૪૮. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા એકંદર કામગીરી, આવશ્યકતા, અગત્યતા, અનિવાર્ય સંજોગો વિગેરે જેવા પ્રસંગોએ માનવબળની સંખ્યામાં વધારો/ ઘટાડો કરી શકશે જે એજન્સીને બંધનકર્તા રહેશે.

૪૯. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ઢોરડબ્બા સિવાય આકસ્મિક સંજોગોમાં આનુષાંગિક કોઇપણ પ્રકારની કામગીરી (પશુઓના લાઇસન્સ/ ડોર ટુ ડોર ટેગીંગ/અન્ય ફિલ્ડ કામગીરી) કરવાની આવશ્યકતા જણાય તો સદર ઢોર ડબ્બાઓના સ્ટાફનો ઉપયોગ કરવામાં આવશે. જે એજન્સીને બંધનકર્તા રહેશે.

વેટરનરી ઓફિસર
એ.એન.સી.ડી.વિભાગ
મહાનગરપાલિકા ભાવનગર

ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર
એ.એન.સી.ડી. વિભાગ
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ
E-mail-vetofficerbmc@gmail.com

# કામગીરીની વિગત

- ઢોર ડબ્બાની સફાઇ દૈનિક ધોરણે કરી છાણ, કચરો વગેરે ઉપડાવી તેના નિકાલ મહાનગરપાલિકાની ડમ્પીંગ સાઇટ (નારી રોડ) ખાતે અથવા એજન્સીએ તેનો નિકાલ પોતાની જગ્યામાં કરવાનો રહેશે. અને તેની લેખીત મંજુરી મેળવવાની રહેશે.
- છાણ, ખાતર, કચરાનો નિકાલ મહાનગરપાલિકાની જાહેર જગ્યા કે પોતાની જગ્યા સિવાય અન્ય કોઇ ખાનગી જગ્યામાં કરવાનો રહેશે નહિ. જો આવુ કરતા માલુમ પડશે તો એજન્સીએ રૂ.૨૦૦૦/- દંડ ભરપાઇ કરવાનો રહેશે અથવા બીલમાંથી વસુલ લેવામાં આવશે.
- પાણીના અવેડાની સફાઇ કરવાની રહેશે તથા સફાઇ કર્યા બાદ પાણી ભરવાનુ રહેશે. મહિનામા બે વખત પોતાના ખર્ચે પાણીના અવેડાઓને ચુનાનો કલર કરવાનો રહેશે.
- ઢોર ડબ્બામાં રહેલ પશુઓને મહાનગરપાલિકા દ્વારા ખરીદ કરવામાં આવતો લીલો તથા સુકો ઘાસચારો ડબ્બાના ઇન્ચાર્જ દ્વારા જણાવવામાં આવે ત્યારે સવારે વહેલા તેમજ સાંજે પશુઓને ખવરાવવા/ગમાણમાં નીરવાનો રહેશે.
- ઢોર ડબ્બાની ઘાસચારો નિરવામાં આવતી ગમાણોની સાફ-સફાઇ દરરોજ કરવાની રહેશે.
- બીમાર પશુઓને સારવાર દરમ્યાન ડોકટરશ્રી દ્વારા જણાવવામાં આવે તે કામગીરી કરવાની રહેશે. તેમજ બિમાર પશુનોને અલગ વોર્ડમાં લાવવાના રહેશે , બિમાર પશુઓના પડખા દિવસમાં બે વખત ફેરવવાના રહેશે તેમજ અલગથી ઘાસચારો તેમજ પાણી આપવાનો રહેશે.
- પશુઓની દેખરેખ, સાર-સંભાળ, સ્વચ્છતા જાળવવાની રહેશે.તેમજ પશુઓની જાળવણી કરી શકે અને તેની સારસંભાળ વિશે જાણકાર હોય તેવો એક માણસ અલગથી રાખવાનો રહેશે. જે માણસ વિયાએલા પશુઓ, તેના નાના બચ્ચા વગેરેને દુધ પીવરાવવુ, તેની સાર-સંભાળ રાખવી વગેરે કામગીરી કરાવવાની રહેશે.
- પશુઓને જરૂરિયાત જણાય ત્યારે ગૌશાળા, પાંજરાપોળના વાહનમાં ચડાવવાના રહેશે અને જરૂર જણાય તો તેની ગૌશાળા ઉતારવા માટે વાહન સાથે જવાનુ રહેશે.
- મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવે ત્યારે ટેગીંગ/RFID માઇક્રોચીપ લગાડવા માટે પશુઓને પકડવા મદદ કરવાની રહેશે.
- ઢોર ડબ્બા ખાતેના ઇન્ચાર્જ અધિકારી દ્વારા જણાવવામાં આવે તે તમામ કામગીરી કરવાની રહેશે.
- ઢોર ડબ્બા ખાતે ત્રણ શીફટમાં ચોકીદાર મુકવાના રહેશે તેમજ ડબ્બામાં રહેલ પશુઓની આવક-જાવકની નોંધ રાખવાની રહેશે.તેમજ સફાઇ/ઘાસચારો નીરવા તથા અન્ય કામગીરી માટે ઓછામાં ઓછા ૬(છ) સફાઇ સેવક/બેલદાર રાખવાના રહેશે.
- જો પશુઓ ડબ્બામાંથી દંડ ભર્યા વગર છોડવામાં આવશે અથવા ડબ્બામાંથી નિકળી જશે તો નિયમોનુસારનો દંડ અથવા રૂ. ૧૦૦૦૦ પ્રતી પશુ (જે બન્નેમાંથી વધુ હોય તે) એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે. ઢોર ડબ્બાની સંખ્યાનો હિસાબ/આવક-જાવકનુ રજીસ્ટર તેમજ ડબ્બામાં કામકરતા માણસોનુ રજીસ્ટર( સરનામા અને મોબાઇલ નંબર સાથે) નિભાવવાનુ રહેશે.

# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

## એ.એન.સી.ડી. વિભાગ

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ

E-mail-vetofficerbmc@gmail.com


---

- ઢોર ડબ્બામાં સફાઇ માટે વાપરવાના સાધનો જેવા કે પાવડા, ખંપાળી, તગારા, સાવરણા, ટ્રેકટર, જેસીબી તથા છાણ કચરો ભરવા ટ્રાન્સપોર્ટેશન કરવા માટે વગેરે જરૂરીયાત મુજબના તમામ સાધનો વાહનો એજન્સીએ વ્યવસ્થા કરવાની રહેશે.
- પશુઓના ડબ્બાઓની દૈનિક સાફ-સફાઇ સવારે વહેલા ( જે સમય ડબ્બાના અધિકારી દ્વારા લેખિતમાં આપવામાં આવશે.) કરવાની રહેશે. તેમજ સાફ-સફાઇ કર્યા બાદ ઘાસચારો નિરવાનો રહેશે.

# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

એ.એન.સી.ડી. વિભાગ
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ
E-mail-vetofficerbmc@gmail.com

આઝાદી કા અમૃત મહોત્સવ

---

આથી અમો.................................................................................................................. એજન્સી વતી............................ હોદેદાર તરીકે નીચે સહી કરનાર ..........................................................ઉંમર આશરે ...........વર્ષ, ભાવનગર મહાનગરપાલિકામાં ઉપરોક્ત જણાવેલ તમામ શરતો-બોલીઓ વંચાણે લઇ, અને કબુલ-મંજુર રાખી,હું સંસ્થા વતી ..........................................હોદેદાર તરીકે આ ભાવપત્રક રજુ કરૂ છું. જે એજન્સીને/ એજન્સીના તમામ હોદેદારોને બંધનકર્તા રહેશે.

સ્થળ :-

એજન્સીના હોદેદારની સહી:-......................

તારીખ :-

એજન્સીનો સિક્કો :-

# ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર

## એ.એન.સી.ડી. વિભાગ

સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ

E-mail-vetofficerbmc@gmail.com


आज़ादी का अमृत महोत्सव

## એજન્સીએ સેવાઓ પૂરી પાડવા પૂર્વ લાયકાત ફોર્મ/ચેકલીસ્ટ

| અ.ન | વિગતો | દસ્તાવેજની વિગત | જરૂરી ડોકયુમેન્ટસ બિડેલ છે કે કેમ ? | બિડેલ ડોકયુમેન્ટના પાના નં. |
|---|---|---|---|---|
| ૧ | ટેન્ડર ભરનાર એજન્સીનું નામ તથા સરનામું | | | |
| ૨ | ટેન્ડર ભરનાર એજન્સીની કોન્ટેકટ ડીટેલ | | | |
| | ટેલિફોન નંબર :- | | | |
| | મોબાઇલ નંબર :- | | | |
| | ઇ-મેઇલ આઇ.ડી. | | | |
| 3 | (અ) ટેન્ડર ફી રૂ.૧૫૦૦/-નો ડી.ડી.<br>(બ) ઇએમડી રૂ.૪૧,૪૦૦/-ડી.ડી.,માંગ્યા મુજબ ભરેલ છે. | | | |
| ૪ | ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશનની વિગતો | | | |
| ૫ | વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર,<br>(નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બિડવી) | | | |
| ૬ | લેબર લાયસન્સની વિગત (જો હોય તો અન્યથા કોન્ટ્રાકટ મળ્યેથી મેળવવાનુ રહેશે.) | | | |
| ૭ | P.F. રજીસ્ટ્રેશનની વિગતો | | | |
| ૮ | ESIC રજીસ્ટ્રેશનની વિગતો | | | |
| ૯ | સર્વિસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર/GST રજી. નં.<br>(નોંધણી પ્રમાણપત્રની પ્રમાણિત નકલ બિડવી) | | | |
| ૧૦ | આવકવેરા હેઠળ નોંધાયેલ PAN NO | | | |
| ૧૧ | એજન્સી કોઇપણ સરકારી કે બિન સરકારી સંસ્થાના નોન બ્લેકલીસ્ટ તથા કોઇ પોલીસ કેસ કે રેકર્ડ પર નહી હોવાનું રૂ.300/-ના સ્ટેમ્પ પેપર પર ટેન્ડર ઓનલાઇન થયા પછી નોટરાઇઝડ ઓરીજનલ એકરાર નામુ રજુ કરવાનું રહેશે. | | | |
| ૧૨ | છેલ્લા ૩ વર્ષના ટર્નઓવર અંગે CA નુ પ્રમાણપત્ર | | | |
| ૧૩ | સરકારી, અર્ધ સરકારી કે મહાનગરપાલિકા,નગરપાલિકામાં કામગીરી કર્યા અંગેનુ ૧ વર્ષનુ અનુભવનુ પ્રમાણપત્ર અથવા વર્ક ઓર્ડરની નકલ | | | |

નોંધ : (૧) ઉકત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/પ્રમાણપત્ર અચૂક રજુ કરવા.જે સ્વપ્રમાણિત હોવા જોઇને અધુરી વિગતવાળા ટેન્ડર વિચારણામાં લેવામાં આવશે નહી.

(૨) ટેન્ડર પેપરના તમામ દસ્તાવેજો,કાગળો પર પેઢીનો રબ્બર સ્ટેમ્પ અને પાના નંબર લખી સહી કરવાના રહેશે તેમજ ઉપરોકત ચેકલીસ્ટમાં પુરતી વિગતો ભરવાની રહેશે.

ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર
એ.એન.સી.ડી. વિભાગ
સર મંગળસિંહજી રોડ, કાળાનાળા રોડ
E-mail-vetofficerbmc@gmail.com

आज़ादी का अमृत महोत्सव

# Price Bid

Work of cleaning, management of cattle pound including equipments, labor, vehicles, lifting, transportation of waste, including all takes and charges.

| Sr. | Name Of work | Unit | Rate per month inclusive all Taxes and charges |
|---|---|---|---|
| 1 | Work of cleaning, management of cattle pound including equipments, labor, vehicles, lifting, transportation of waste, including all taxes and charges. | Lump sum | |